Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233

Continuous issue-23 | April – May 2016

# ડો. હર્ષદેવ માધવની કવિતામાં કલ્પન- પુરાકલ્પન

ડો. હર્ષદેવ માધવ આધુનિક સંસ્કૃત સાહિત્યના પ્રતિભાવાન સર્જક છે. આધુનિક સંસ્કૃત સાહિત્યમાં તદ્દન નવા સ્વરૂપો અને નવી શૈલીનો પરિચય કરાવી તેમની પ્રયોગશીલતાને સંસ્કૃત જગત સમક્ષ પ્રગટ કરી છે. કાવ્યક્ષેત્રે તેમને મુક્તછંદ કાવ્યરચના તેમજ સિજો,તાન્કા, હાઇકુ જેવા પશ્ચિમી સ્વરૂપોને તેમની કલમે શોભાવી તેમના નવીન આયામોથી માહિતગાર કર્યા છે. માનવજાતને પ્રેમ જ તારી શકે તેવી તેમની સંવેદનાનો સ્વીકાર રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર સતત થઈ રહ્યો છે.

શૈલી એ કવિની આગવી ઓળખ છે. આધુનિક સંસ્કૃત કવિતામાં હર્ષદેવે વિવિધ કાવ્યસ્વરૂપોનો પ્રયોગ કર્યો છે. તેમને પ્રાચીન મુક્તક, લહરી અને સ્તોત્ર જેવા પરંપરાગત કાવ્યપ્રકારોને ત્યજી છંદના ઝાંઝરમાંથી સંસ્કૃત કવિતાને મુક્ત કરી છે. ડો. હર્ષદેવના અછાંદસ કાવ્યોની સૌથી મોટી વિશેષતા વૈષ્વિક સંદર્ભો છે. ડો. હર્ષદેવ માધવની અવિરત વિકસતી જતી કાવ્ય પ્રતિભાનો પરિચય તેમના વિશાળ સંખ્યામાં લખયેલા અછાંદસ કાવ્યોમાં મળે છે. આ કાવ્યોનું આગવું લક્ષણ ક્લ્પન-પુરાક્લ્પન છે. ડો. માધવની કવિતામાં તેનો વિનિયોગ કેવી રીતે થયો છે તે તપાસવાનો અહીં ઉપક્રમ છે.

**ક્લ્પન :** હર્ષદેવની કવિતાનું વિશિષ્ટ લક્ષણ છે ક્લ્પનોની રચના. કલ્પનએ કવિનો પોતે આપેલો રંગ છે. સંવેદનાગત સંસ્કાર એટલે કલ્પન. કવિ જે અનુભવે છે તેને પ્રત્યક્ષવત બનાવવા કલ્પન યોગ્ય ભૂમિકા રચી આપે છે. આ દ્રષ્ટિએ કલ્પન એટલે કવિનો સાક્ષાત્કાર. કલ્પનનું પ્રેરક બળ છે ભાવ અને એમાંથી સર્જનાત્મક કલ્પનાઓ ઉદ્ભવે છે. આ સર્જનાત્મક ક્લ્પનાઓ ઈન્દ્રિયોના અનુભવમાંથી નીપજે છે. કલ્પન પંચેન્દ્રિયોનો અનુભવ તથા ઈન્દ્રિય વ્યત્યય સાધીને સંકુલ બને છે.કવિના સર્વ કાવ્યસંગ્રહોમાં કલ્પનોની સૃષ્ટિનો સતત અનુભવ થાય છે. દા:ત-

‘ ममीच्छादनं दूरीभूतमं चन्द्रिकाया:.......
नाईलजलं कम्पीतं
जलनिमज्जितसुंदरीनाम वक्षस्थलं भूत्वा |’[१]

અહીં ચાંદનીમાં કફનનું કલ્પન તથા નદીના ઉછળતાં પાણીમાં ડૂબાડાયેલી સુંદરીઓના વક્ષઃસ્થળનું કલ્પન નેત્રેન્દ્રિયનો અનુભવ કરાવે છે.

'ध्वंसावशेषा:
वेदिकाभुवि
सूर्यावसानाकलुषायां संध्यायां
दग्धपङ्मीनीनां कौसुंभवस्त्रध्युति
प्रेक्षन्ते ।'[२]

અહીં સન્ધ્યાના રંગમાં કેસરીયા કરેલ વીરોની ' જૌહર' માં ચિત્તા પર પડેલી વીરાંગનાઓના કસૂંબલ રંગનું કલ્પન તાજગી આપે છે.

'रक्तोष्ठी संध्या
स्तम्भोत्कीर्ण यक्षाणां मुखानि चुम्बति ।'[३]

ઉપરોક્ત સ્પર્શ્ય કલ્પનનું ઉદાહરણ છે.

' उष्ट्रमुखे नासीत् तुलसीपत्रां
नासीद् गांगजलं
केवलमासीत् तृषा
अक्ष्णो मुष्टीमुद्घाटयं पलायितं
रणम् ।'[४]

ઊંટના અને તૃષાના સંબંધ મારફત કવિએ આદિકાળથી ચાલી આવતી અનંત અને સનાતન જિજિવિષાનો સંદર્ભ ઉભો કર્યો છે. અહીં ઊંટના કલ્પન ધ્વારા અરસિક વિષયને રસિક બનાવ્યો છે.

' बुद्धस्य भिक्षापात्रे
निमज्जितं
अणुबोम्बदग्ध नगरम् ।'[५]

અહીં અણુબોંબથી બળેલ જગતને બુધ્ધની શાંતિ જ બચાવી શકે છે.

**પુરાકલ્પન :** 'મિથ' માટે પુરાકલ્પન, દેવકથા, પુરાણકથા, પ્રાચીન લોકકથા વગેરે સંજ્ઞાઓ પ્રયોજાય છે. પુરાકલ્પનને અચેતન મન સાથે સંબંધ હોય છે. તેમાં ઇશ્વર, મનુષ્ય કે રાક્ષસ વગેરેના સદ્- અસદ્ અંશો પ્રગટે છે. પુરાકલ્પન એ કવિ પ્રયુકિતનો અગત્યનો ભાગ છે. પુરાકલ્પનમાં કવિ સાંપ્રતની સાથે જ અતીતને વણી લે છે. અછાંદસ કાવ્યોમાં તો પુરાકલ્પન માટે કવિને જાણે મોકળું મેદાન મળી જાય છે. દા:ત-

'असमद् बदरीफलार्थ
खादितुं
मर्यादापुरुषोत्तम :
आगच्छेन वा

मृत्यु:
आगमिष्यत्येव ।'[६]

પ્રસ્તુત કાવ્યમાં કવિ આપણા ખાધેલા અડધા બોરને ખાવા મર્યાદાપુરુષોત્તમ રામ આવશે કે કેમ પરંતુ , મૃત્યુ ચોક્કસ આવશે એમ કહીને બોરને જીવનનું પ્રતીક બનાવી દે છે.

' मृगया 'ની 'कुंतायाः सूर्य प्रत्युक्तिः' મિથ નું સૌથી ઉત્તમ ઉદાહરણ છે. સૂર્યની સાથે સમાગમ પામતી કુન્તીનો પ્રેમાવેગ, ઉલ્લાસ,કામની પરાવશતા, યૌવનનો થનગનાટ વગેરે એમાંથી સૂચવાય છે.

ખંડેરોની ગાથા વર્ણવવા ' ध्वंसावशेषायण ' શબ્દ પ્રયોજીને રામાયણનું ' મિથ' પણ કવિ પ્રયોજે છે . ( શ. નિ. ધ્વ। પૃ। ૫૮ )

ડૉ. હર્ષદેવ માધવે પુરાકલ્પનનો વિવિધ રીતે ઉપયોગ કર્યો છે. જેમકે ' कालीघटे' કાવ્યમાં મહાકાળીની જીભ અને સતીના મૃત શરીરના પડેલા કટકાઓની અભિવ્યક્તિ થઈ છે. આ ઉપરાંત પોતાના એકાંતને વર્ણવવા મેઘદૂતના સંદર્ભથી યુક્ત ' રામગિરિ' પર્વતનું પુરાકલ્પન કવિએ આપ્યું છે. ઉદયન અને વાસવદત્તાની કથાનું ઘોષવતી વીણાનું પુરાકલ્પ્ન કવિએ પ્રેમની સ્મૃતિના રૂપમાં યોજ્યું છે. પાર્થને સંબોધીને રચેલું પુરાકલ્પન પણ ધ્યાનકર્ષક છે. જેમકે-

' हे पार्थ !
विभूतियोगस्य परिशिष्टमपि शृणु,
पुस्तकानां
केनापि न वाचितं
यत् पुस्तकं तदहमस्ति ।'[७]

' दीपपच्चाशिका ' માં રામાયણની સીતા, રામગિરિ, કાન્તા, માન્ધાતા વગેરે અનેક પુરાકલ્પનો કવિએ પ્રયોજ્યા છે. ' અલકનન્દા' કાવ્યસંગ્રહમાં પાર્વતી, કાદમ્બરી, મન્સૂર વગેરે અનેક પુરાકલ્પનોનો કવિએ વિનિયોગ કર્યો છે. આ ઉપરાંત બૃહન્નલાના પાત્રને પણ ' મિથ' તરીકે પ્રયોજીને નવી દિશાઓ ખોલી છે.

નિષ્કર્ષતઃ કહી શકાય કે ડૉ. હર્ષદેવ માધવની કલ્પન-પુરાકલ્પન યુક્ત શૈલીએ સંસ્કૃત કવિતાને આગવી રીતે સમૃધ્ધ કરી છે. તેમને આધુનિકતા સાથે સંસ્કૃત કવિતામાં કલ્પનને પણ પ્રતિષ્ઠિત કર્યુ છે. એક જ વિષય પર રચાયેલા આ કાવ્યો પ્રતીક, કલ્પન,પુરાકલ્પન, ભાવવૈવિધ્ય વગેરેને લીધે વિશિષ્ટ સ્થાન પામ્યા છે. આથી જ ડૉ. દાશે તેમને ' काव्य बिम्बनिर्माणे अग्रदूतः डॉ. हर्षदेव माधवः' એવું નામ આપ્યું છે.

## સંદર્ભ-સૂચિ

1. હર્ષદેવ માધવ, 'रथ्यासु जम्बूवर्णानां शिराणाम्', સંસ્કૃત સેવા સમિતિ: અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- 1985, પૃ.16
2. હર્ષદેવ માધવ, 'शब्दानां निर्मक्षिकेषु ध्वंसावशेषु', પાર્શ્વ પ્રકાશન : અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- 1993, પૃ.23
3. એજન. પૃ.38
4. હર્ષદેવ માધવ, ' निष्क्रान्ता सर्वे' , સંસ્કૃત સાહિત્ય અકાદમી : ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ- 1998, પૃ.165
5. સ્વધ્યાય અંક-4 , પૃ.152
6. હર્ષદેવ માધવ, 'अलकनंदा' પાર્શ્વ પ્રકાશન : અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- 1990, પૃ.78
7. હર્ષદેવ માધવ, 'आसीच्च मे मनसि' પાર્શ્વ પ્રકાશન : અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- 1990, પૃ.78

*******************************************************************

ડો. ભાવના સોની

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડા

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat